ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org • E-mail: gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. ૧૬-૧૦-૨૦૨૨**

# ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના પ્રમુખની ચૂંટણી

## 17 ઓક્ટોબર, 2022 ના રોજ યોજાનાર મતદાન સંબંધિત મહત્વપૂર્ણ માહિતી

**રાજ્ય ચૂંટણી અધિકારી શ્રીમતી શોભા ઓઝા, મદદનીશ રિટર્નિંગ ઓફિસર શ્રી શાકિર સનાડી અને શ્રી વિપિન શર્માની રાજીવ ગાંધી ભવન અમદાવાદ ખાતે સંયુક્ત પત્રકાર પરિષદ.**

આદરણીય પત્રકારશ્રી,

સાદર શુભેચ્છાઓ, જેમ તમે બધા જાણો છો, આવતીકાલે, 17 ઓક્ટોબર, 2022 ના રોજ, ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના અધ્યક્ષની ચૂંટણી માટે મતદાન થવાનું છે. આ સંદર્ભમાં, હું તમને ખાતરી આપવા માંગુ છું કે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના અધ્યક્ષની ચૂંટણી સંપૂર્ણ લોકતાંત્રિક અને પારદર્શક પ્રક્રિયા દ્વારા કરવામાં આવશે. આપણે એવા રાજકીય પક્ષોમાંના નથી કે જેમાં "બે લોકો" મળીને "બીજી વખત" પણ મતદાન કર્યા વિના પોતાના માટે "કઠપૂતળી" પસંદ કરે અને "પ્રમુખ" નું નામ આપીને પોતાના કાર્યકરો પર લાદી દે. તેથી, આવતીકાલે યોજાનારી કોંગ્રેસ અધ્યક્ષની ચૂંટણીની પ્રક્રિયા અને પારદર્શિતા સંદર્ભે કેટલીક મહત્વપૂર્ણ બાબતો જે હું આપને જણાવવા માંગુ છું તે નીચે મુજબ છે.

1. દરેક રાજ્યની જેમ ગુજરાતમાં પણ રાજ્ય ચૂંટણી અધિકારી (PRO) મતદાન અધિકારી હશે. તેને મતદાન પ્રક્રિયા સુચારૂ રીતે ચલાવવાનો સંપૂર્ણ અધિકાર રહેશે.
2. મતદાનનો સમય: મતદાન બરાબર સવારે 10:00 વાગ્યે શરૂ થશે અને સાંજે 4:00 વાગ્યે સમાપ્ત થશે. મતદારો એટલે કે પ્રદેશ કોંગ્રેસ સમિતિના જે સભ્યો સાંજે 4:00 વાગ્યા સુધીમાં મતદાન મથકે પહોંચી જશે તેઓ તેમના મતનો ઉપયોગ કરી શકશે.
2. બેલેટ પેપર પર બંને હરીફ ઉમેદવારોના નામનો ઉલ્લેખ કરવામાં આવશે.
3. મતદારોને નિર્દેશ આપવામાં આવ્યો છે કે તેઓ જે ઉમેદવાર માટે પોતાનો મત આપવા માગે છે તેની સામેના બૉક્સમાં જમણી બાજુ પર ✓ ટિક માર્ક કરે. આ સિવાય જો કોઈ નિશાની કરવામાં આવશે અથવા લખવામાં આવશે તો તે મત રદ ગણવામાં આવશે.
4. દરેક મતદારે કોંગ્રેસ ચૂંટણી સત્તામંડળ દ્વારા ફાળવવામાં આવેલ મતદાર ઓળખ કાર્ડ સાથે લાવવાનું રહેશે, અન્યથા તે મતદાન કરી શકશે નહીં. જો મતદારના ઓળખ પત્ર પર મતદારનો ફોટો ન હોય તો તેણે પોતાનું માન્ય ઓળખ પત્ર રજૂ કરવાનું રહેશે.
5. બંને સ્પર્ધક ઉમેદવારોમાંથી એક-એક પ્રતિનિધિને મતદાન મથકની અંદર પ્રવેશ આપવામાં આવશે, પરંતુ મતદાનની ગુપ્તતા કોઈપણ ભોગે જાળવવામાં આવશે.
6. મતદાન શરૂ થાય તે પહેલાં, મતદાન અધિકારી ઉમેદવારના પ્રતિનિધિને ખાલી મતપેટી બતાવશે, પછી તેની હાજરીમાં જ તેને લોક કરવામાં આવશે અને મતદાન પેટી પર જ એજન્ટોની સહીઓ લેવામાં આવશે.

7. મતદાન પૂર્ણ થયા પછી, મતપેટીઓને એજન્ટોની સામે સીલ કરવામાં આવશે અને તેમની સહીઓ લેવામાં આવશે.

8. બેલેટ પેપર જારી કરતી વખતે, મતદાન અધિકારીએ દરેક બેલેટ પેપર પર તેમની સહી કરવી પડશે અને બેલેટ પેપરના કાઉન્ટરફોઈલ પર મતદારની સહી લેવી પડશે.

9. પોસ્ટ દ્વારા મતદાનઃ કેન્દ્રીય ચૂંટણી સત્તામંડળે ભારત જોડો યાત્રામાં સામેલ પ્રદેશ કોંગ્રેસ સમિતિના સભ્યો માટે જિલ્લા- કુર્નૂલ, આંધ્રપ્રદેશમાં મતદાન માટે વિશેષ વ્યવસ્થા કરી છે.

10. મતદાન પૂરું થયા પછી, મતદાન અધિકારીએ પ્રાપ્ત થયેલ બેલેટ પેપરના કાઉન્ટરફોઈલ, પડેલા કુલ મત અને તેની પાસે બાકી રહેલા બિનઉપયોગી મતપત્રોની કુલ સંખ્યાની વિગતો તૈયાર કરવી પડશે.

11. મતદાનના અંતે, મતપેટીને મતદાન અધિકારી દ્વારા ઉમેદવારોના મતદાન એજન્ટોની હાજરીમાં CEA દ્વારા આપવામાં આવેલી સીલ સાથે સીલ કરવામાં આવશે અને મતદાન એજન્ટોની સહીઓ બોક્સ પર લેવામાં આવશે. મતપેટી એકવાર બંધ થઈ જાય અને સીલ થઈ જાય તે કોઈપણ સંજોગોમાં ખોલવામાં આવશે નહીં.

12. મતદાન અધિકારી એ સુનિશ્ચિત કરશે કે સીલબંધ મતપેટીઓ 18મી ઓક્ટોબર, 2022ની સાંજ સુધીમાં રિટર્નિંગ ઓફિસર 24, અકબર રોડ, નવી દિલ્હીની ઓફિસમાં સુરક્ષિત રીતે પહોંચાડવામાં આવે.

13. કોઈપણ વિવાદ/શંકા અંગે મતદાન અધિકારી દ્વારા કેન્દ્રીય ચૂંટણી સત્તામંડળ, નવી દિલ્હીના કાર્યાલયને સૂચન/નિર્ણય માટે જાણ કરી શકાય છે. રિટર્નિંગ ઓફિસર દ્વારા લેવામાં આવેલ નિર્ણય આખરી રહેશે.



હેમાંગ રાવલ
મીડીયા કોર્ડીનેટર